**બી. એડ્. કૉલેજ, પેટલાદમાં ગુજરાત ગવર્મેન્ટ હેલ્પલાઈન નંબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન**

શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન , પેટલાદમાં તારીખ: 15/12/2023 શુક્રવારના રોજ પેટલાદમા ફરજ બજાવતા મામલતદારશ્રી વિક્રમભાઈ દેસાઈની અધ્યક્ષતામાં સંસ્થાના કા.આચાર્યાશ્રી ડૉ.નયનાબેન ટી. શુક્લ દ્વારા તાલીમાર્થીઓ અને સ્ટાફને માનવ અધિકારની સંપૂર્ણ માહિતી મળે તે હેતુથી ગુજરાત ગવર્મેન્ટ હેલ્પલાઈન નંબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન C.W.D.C.ના નેજા હેઠળ કરવામાં આવ્યું. જેમાં અધ્યક્ષ સ્થાન પેટલાદના મામલતદારશ્રી વિક્રમભાઈ દેસાઈએ શોભાવેલ હતું. કાર્યક્રમની શરૂઆત અધ્યાપકશ્રી કામેન્દુ ઠાકર અને પ્રશિક્ષણાર્થીઓ દ્વારા રજૂ કરેલ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ અને પરિચય અધ્યાપિકાશ્રી ડો. શ્વેતા ચૌહાણે આપેલ હતો. ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લ , શ્રીમતી નિધિ વૈદ્ય , શ્રી રાકેશભાઈ ભટ્ટ અને કોલેજના જી. એસ. તપન સુથારે કરેલ હતું. અધ્યક્ષશ્રી વિક્રમભાઈ દેસાઈએ ગુજરાત ગવૅમેન્ટ હેલ્પલાઈન નંબર અવેરનેસ અંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ હતું. વકતાશ્રી રચનાબેન રાવલે કાયદા અને યોજનાઓ , પ્રિલીગલએડ ક્લીનિક – 39 એ અંગે, વિશ્વાબેન ત્રિવેદીએ માનવ અધિકાર અંગે ક્રિશ્નાબેન પરમારે કાયદાકીય પાયાની જાગૃતતા અંગે , હેપ્પીબેન પરમારે 181- મહિલા હેલ્પલાઈન અ અને તેની રજિસ્ટ્રેશન વિધી અંગે , હિનાબેન કૌશલે સખી વનસ્ટોપ સેન્ટર અને દરેક પ્રકારની હિંસા તેમજ કાયદાકીય સહાય અંગે , શુશીલાબેન ગોહિલે સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંગે , સ્નેહલબેન અંજારિયાએ પૉલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર તરફથી મળતી મહિલા સહાયતા અંગેની જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં સંસ્થા કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ, સમગ્ર સ્ટાફ મિત્રો, અને તાલીમાર્થીઓએ હાજરી આપી હતી. અંતમાં આભારવિધિ અધ્યાપિકાશ્રી ડૉ. રોશની દેસાઈએ કરેલ હતી. કાર્યક્રમમાં ઉદ્‌ઘોષકની ભૂમિકા અધ્યાપિકાશ્રી ડો. દિપીકા શ આર. ચૌધરીએ ભજવેલ હતી. સમગ્ર કાર્યક્રમો થકી તમામ ઉપસ્થિત જન માનવ અધિકાર વિશે જાગૃતતા કેળવી શક્યા હતા. અંતે સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લએ સર્વે ને અભિનંદન પાઠવ્યા હતા.


Smt. S I Patel Ipcowala College of Education, Petlad
Guj. Gov. Helpline no. Awareness
Program 2023
15/12/'23
Chief Guest
DHEW


ANAND LAW COLLEGE
In Association with
District Legal Service Authority, Anand


Police Station Based Support Centre
(Mahila Sahayta Kendra)
Chief Guest
કોલેજ ઓફ એજ્યુકેશન
પેટલાદ.


Police Station Based Support Centre
(Mahila Sahayta Kendra)
Chief Guest
કોલેજ ઓફ એજ્યુકેશન
પેટલાદ.


Police Station Based Support Centre
(Mahila Sahayta Kendra)
EVERY
HUMAN
HAS
RIGHTS

